# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


ક્રમાંક: યોજના/શિક્ષક દિન/૨૦૧૯/૩૩૫ તા.૩૦/૦૮/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

ભાવનગર

વિષય : ૫ સપ્ટેમ્બર-૨૦૧૯ "શિક્ષક દિન"ની ઉજવણી કરવા બાબત.
સંદર્ભ : પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ગાંધીનગરના પત્ર ક્રમાંક :
પ્રાશિનિ/જ/રા.એવોર્ડ/૨૦૧૯/૮૭૬૪-૮૯૦૯ તા. ૨૮/૦૮/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે દર વર્ષની ૫ મી સપ્ટેમ્બર "શિક્ષક દિન" તરીકે ઉજવાય છે. તે રીતે ચાલુ વર્ષે પણ ૫ મી સપ્ટેમ્બર-૨૦૧૯ ના દિવસને "શિક્ષક દિન" તરીકે ઉજવણી કરવા દરેક શાળાઓને જણાવવામાં આવે છે.

શિક્ષક દિનની ઉજવણી અંતર્ગત દરેક શાળામાં શિક્ષકોનું વિદ્યાર્થીઓ દ્વારા પૂજન થાય તેવી વ્યવસ્થા કરવી, તેમજ શાળામાં "પ્રિય શિક્ષક" વિષય પર તે દિવસે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

"શિક્ષક દિન"ની ઉજવણી નિમિત્તે દરેક શાળાઓએ વધુમાં વધુ ફાળો એકત્રિત થાય તેવા કાર્યક્રમનું આયોજન કરવું. જિલ્લાના ઔદ્યોગિક સંકુલ ઉદ્યોગપતિઓને "શિક્ષકદિન" નિમિત્તે ઉદારતાથી ફાળો આપવા અપીલ કરવી. આ દાન આવક વેરામાંથી મુક્તિ માટે જણાવી શકાય. આ ફાળો એકત્ર કરવાનું અભિયાન તારીખ ૫ં સપ્ટેમ્બર શિક્ષક દિનથી શરૂ કરીને એક અઠવાડિયા સુધી એકત્ર કરી શકાશે. દરેક શાળાએ ફાળો એકત્ર કર્યા બાદ **તા.૧૩/૦૯/૨૦૧૯ (શુક્રવાર)ના રોજ સાંજે ૫:૦૦ કલાક પહેલા અત્રેની કચેરીમાં શાળાનાં લેટરપેડ સાથે જમાં કરાવવાનો રહેશે. તમામ શાળાઓએ ફક્ત અત્રેની કચેરીને જ ફાળો જમા કરાવવાનો રહેશે, બારોબાર કોઇપણ એકાઉન્ટમાં ફાળો જમા કરાવવો નહિ.** સમયમર્યાદા બાદ આપેલ ફાળો સ્વીકારવામાં આવશે નહિ જેથી ભવિષ્યમાં ઉભા થનાર તમામ પ્રશ્નોની જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રી/સંચાલકશ્રીની રહેશે. જેની દરેક શાળાએ ગંભીર નોંધ લેવી.

Scanned by CamScanner

શિક્ષકદિનની ઉજવણીનો વિગતવાર અહેવાલ અત્રેની કચેરીમાં જમાં કરાવવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના:**

વાઇસ ચાન્સેલરશ્રી,
શ્રી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી-ભાવનગર(યુનિવર્સિટી કેમ્પસ)
(યુનિવર્સિટી સંલગ્ન સંસ્થાઓ/કોલેજો તમામ ને જાણ કરવા સારૂ)
ભાવનગર

**નકલ રવાના જાણ અને અમલવારી સારૂ:**

શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી
સદર કચેરી

Scanned by CamScanner